# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-02-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM – પરીક્ષા પે ચર્ચા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને આવતીકાલે "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમને નિહાળવા આગ્રહ કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ પરીક્ષાર્થીઓને તણાવમુક્ત થઈને પરીક્ષા આપવા,પડકારનો સામનો કરવાની વ્યવહારુ પદ્ધતિઓ અપનાવવા, સંકલન જાળવવા અને આત્મવિશ્વાસ વધારવા પર ભાર આપ્યો છે.

શ્રી મોદીએ કહ્યું, આ વર્ષે પરીક્ષાર્થીઓની સાથે દેવમોગરા, કોયમ્બતૂર, રાયપુર, ગુવાહાટી અને તેમના સત્તાવાર નિવાસસ્થાન સાત લોકકલ્યાણ માર્ગ, દિલ્હીમાં મહત્વના સત્ર પણ યોજાયા.

---

## UIDAI

આધાર ડેટાબેઝની ચોકસાઈ અને અખંડિતતા જાળવવા માટે યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા – **UIDAI** એ અત્યાર સુધીમાં અઢી કરોડથી વધુ મૃત વ્યક્તિઓના આધાર નંબરો નિષ્ક્રિય કર્યા છે.

આ માહિતી ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે ગઈકાલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આપી હતી. શ્રી પ્રસાદે જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિના મૃત્યુ પછી, કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે આવા આધાર નંબરોનો છેતરપિંડી અને દુરુપયોગ અટકાવવા માટે તેનો આધાર નંબર નિષ્ક્રિય કરવો જરૂરી છે.

---

## આવક અને જાતિના દાખલા ઓનલાઇન

રાજ્યમાં આગામી પહેલી એપ્રિલથી આવક અને જાતિના દાખલા સહિતના **18** પ્રમાણપત્ર ઑનલાઈન મળશે. ગઈકાલે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, આ સુવિધાથી **80** લાખ જેટલા લોકોને સીધો લાભ થશે.

સરકારી પ્રમાણપત્ર સરળતાથી મળી રહે તે માટે સમગ્ર પ્રક્રિયા ઑનલાઈન અને ફેસલેસ બને તે માટે આ નિર્ણય કરાયો છે.

---

## સુજલામ સુફલામ જળ અભિયાન

રાજ્યમાં **21** ફેબ્રુઆરીથી “સુજલામ સુફલામ જળ અભિયાન”ની કામગીરી શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, ચાલુ વર્ષે ચોમાસા પહેલા જળ અભિયાનના કામો ઝડપથી પૂર્ણ થાય અને  તહેવારને લઈને શ્રમિકો વતન જતાં હોવાથી કામગીરીમાં વિલંબ ન થાય તે માટે આ અભિયાન વહેલા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

---

## ઇ- નોંધણી માટે ફી

ઇ નોંધણીને માટે હવે દસ્તાવેજ દીઠ **100** રૂપિયા પ્રોસેસિંગ ફી લાગુ પડશે. મહેસૂલ વિભાગના આ નિર્ણય અનુસાર રાજ્યની તમામ સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં અને ઓનલાઇન માધ્યમથી થતી નોંધણીઓમાં એકસૂત્રતા આવશે. ડિજિટલ ગુજરાતના અભિયાન હેઠળ ઇ-રજીસ્ટ્રેશનને પ્રોત્સાહન મળી રહ્યું છે ત્યારે આ નવી ફી વ્યવસ્થા પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત

બનાવશે. આ ફીનો મુખ્ય હેતુ ઓનલાઇન રજીસ્ટ્રેશન પોર્ટલની જાળવણી અને ટેકનિકલ સુવિધાઓને વધુ સુગમ બનાવવાનો છે.

**--------------------------------------------------------------------------------**

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે **5** હજારથી વધુ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી છે**,** જેમાં ગ્રુપ **A**માં **2** હજાર **365** અને ગ્રુપ **B** ની **3** હજાર **5** જગ્યાઓ પર ભરતી કરાશે. સમાજકલ્યાણ નિરીક્ષકની **125,** કલેક્ટર કચેરી ક્લાર્કની **1600** જ્યારે જુનિયર ક્લાર્કની **3** હજાર જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. સ્નાતકની પદવી ધરાવતા ઉમેદવારો ૪ ફેબ્રુઆરી થી **20** ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

**--------------------------------------------------------------------------------**

## વિશ્વકપ સ્પર્ધા

**19** વર્ષથી નીચેની વયના ખેલાડીઓ ની વિશ્વકપ સ્પર્ધામાં ભારતની યુવા ટીમે અફઘાનિસ્તાનની ટીમને સાત વિકેટે હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. ઝિમ્બાબ્વેના હરારે ખાતેની મેચમાં અફઘાનિસ્તાનની ટીમે **4** વિકેટે **310** રન કર્યા હતા. ભારતે **41** ઓવરમાં **3** વિકેટ ગુમાવી **311** રન કરી વિજયી લક્ષ્ય પાર કર્યું હતું.

એરોન જ્યોર્જએ સૌથી વધુ **115** રન કર્યા હતા. ભારતની ટીમનો અંતિમ જંગમાં મુકાબલો આવતીકાલ શુક્રવારે ઇંગ્લેન્ડની ટીમ સામે થશે.

તો અન્ય એક વીસ ઓવરની મર્યાદિત મેચની વિશ્વકપ અગાઉની વોર્મ્સઅપ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને **30** રને હરાવી વિજયી આરંભના સંકેત આપ્યા છે. નવી મુંબઈના ડી એલ પાટીલ સ્ટેડિયમ પરની મેચમાં ભારતે **5** વિકેટના ભોગે **240** રન કર્યા હતા. દક્ષિણ આફ્રિક ની ટીમ **20** ઓવરમાં **7** વિકેટ ગુમાવી **210** રન કરી શકી હતી.

**--------------------------------------------------------------------------------**

# ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અંજારના વાર્તાકાર અજય સોનીને યુવા ગૌરવ પુરસ્કાર તો વરિષ્ઠ સર્જકને અપાતો ગૌરવ પુરસ્કાર લુણાવાડાના નિબંધકાર પ્રવીણ દરજીને અપાયો છે. ગુજરાત સાહિત્ય અકાદમીની નિર્ણાયક સમિતિ દ્વારા યોગ્યતાના ધોરણે આ પુરસ્કાર દર વર્ષે અપાય છે.

---